# સિનીયર/જુનિયર રેસિડેન્ટના વોકઇન ઇન્ટરવ્યુ માટે જરૂરી સુચનાઓ

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, જી.એમ.ઇ.આર. સોસાયટી ગાંધીનગરના પત્ર ક્રમાંક:-મકમ/નમક/જુનિ.સીની.રેસી./અ-૨/૧૯ તા:-૨૯/૦૫/૨૦૧૯ અન્વયે જુનિયર અને સિનીયર રેસીડેન્ટના વોક ઇન ઇન્ટરવ્યુ અંગે અત્રેની જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજ અને હોસ્પિટલ ધારપુર-પાટણ ખાતે અઠવાડીયાના બુધવાર થી શુક્રવાર સુધી જે ઉમેદવારોની અરજીઓ મળેલ હોઇ તે અરજીઓ પૈકી તેમાંથી મેરીટ યાદી તૈયાર કરી પસંદગી પામેલ ઉમેદવારોની પસંદગી યાદી પત્રક તૈયાર કરી **માસના બીજા અને ચોથા મંગળવારે ઇન્ટરવ્યુ** ગોઠવવામાં આવશે.

(૧) ઉમેદવારે રેસિડેન્ટ ઇન્ટરવ્યુના **ફોર્મ** અત્રેની કચેરીએથી મેળવવાના રહેશે.અને ચેકલીસ્ટ પ્રમાણે ડોક્યુમેન્ટની નકલો જોડવાની રહેશે.

(૨) ઉમેદવારે **ડોક્યુમેન્ટ ચકાસણી** કરાવવા ફરજીયાત છે, માટે નીચે જણાવેલ અધિકારીઓનો સંપર્ક કરી ડોક્યુમેન્ટ ચકાસણી કરાવવાના રહેશે.

(A) ડૉ.આશિષ ચૌધરી,મદદ.પ્રાધ્યાપક,પી.એસ.એમ. મો- ૮૯૮૦૦૩૮૦૬૮

(B) ડૉ.જૈમિન દેસાઇ,ટ્યુટર,માઇક્રોબાયોલોજી,મો-૯૨૬૫૦૨૨૦૧૫

(C) ડૉ.વર્ષા ખાંટ, મદદ.પ્રાધ્યાપક ,પેથોલોજી. મો-૯૫૮૬૫૫૭૭૮૪

(૩) **ડોક્યુમેન્ટ ચકાસણી કરાવ્યા બાદ જ** અરજી ફોર્મ અત્રેની કચેરીએ આપવાના રહેશે. ડોક્યુમેન્ટ ચકાસણી દરમ્યાન ડોક્યુમેન્ટ અધુરા માલુમ પડશે કે અરજીની વિગતો ખોટી/અધુરી માલુમ પડશે તો આપની અરજી રદ થશે.આ અંગેની સઘળી જવાબદારી જે-તે ઉમેદવારની રહેશે.

(૪) **બુધવાર થી શુક્રવાર સુધીમાં** આ કચેરીને મળેલ જુનિયર રેસીડેન્ટ તેમજ સિનિયર રેસીડેન્ટ ની અરજીઓ માસના બીજા અને ચોથા મંગળવારના દિવસે લેવામાં આવનાર વોક-ઇન ઇન્ટરવ્યુંમાં ધ્યાને લેવામાં આવશે.

(૫) શનિવાર થી મંગળવાર દરમ્યાન રૂબરૂ/ટપાલથી મળેલ અરજીઓ તે પછીના ઇન્ટરવ્યુએ ધ્યાને લેવામાં આવશે.

(૬) જુનિયર રેસીડેન્ટ માં જે વિભાગમાં નિમણુંક લેવાની હોય તે **વિભાગ સ્પષ્ટ લખવાનો** રહેશે.

(૭) **બુધવાર થી શુક્રવાર** સુધીમાં જુનિયર/સિનીયર રેસિડેન્ટની જે અરજીઓ મળેલ હશે તે અરજીઓના વોક-ઇન ઇન્ટરવ્યુ માસના બીજા અને ચોથા મંગળવારે લેવામાં આવશે અને જગ્યા ખાલી ન હોય તો તેમની અરજીઓ દફતરે કરવામાં આવશે અને અરજદારો એ ફરીથી નવેસરથી અરજીઓ કરવાની રહેશે

(૮) જુનિયર/સિનીયર રેસિડેન્ટ માટેની **શનિવાર થી મંગળવાર** સુધીમાં મળેલ અરજીઓ તે પછીના મંગળવારે ધ્યાને લેવામાં આવશે અને જો તે દિવસે જગ્યાઓ ખાલી નહિ હોય તો અરજીઓ દફતરે કરવામાં આવશે અને અરજદારો એ ફરીથી નવેસરથી અરજીઓ કરવાની રહેશે.

(૯) ઇન્ટરવ્યુમાં પસંદગી પામેલ ઉમેદવારની મેરીટ યાદી તૈયાર કરી **ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, જી.એમ.ઇ.આર. સોસાયટી ગાંધીનગર ખાતે બહાલી** મેળવવા મોકલી આપવામાં આવશે.વડી કચેરીએથી બહાલી મળેથી મેરીટ પ્રમાણે પસંદગી પામેલ ઉમેદવારોને અત્રેથી નિમણુંક આપવામાં આવશે.જે અંગેની જાણ જે-તે ઉમેદવારને અત્રેથી કરવામાં આવશે.

(૧૦) જો માસના બીજા અને ચોથા મંગળવારે જાહેર રજા હશે તો તેના પછી **બીજા દિવસે (બુધવારે)** વોક-ઇન ઇન્ટરવ્યુ રાખવામાં આવશે.

(૧૧) ઇન્ટરવ્યુમાં પસંદગી ન પામેલ ઉમેદવારોએ ફરીથી **નવેસરથી ઇન્ટરવ્યુ માટે અરજી** કરવાની રહેશે

(૧૨) ઉપર મુજબ સુચનાઓ ખાસ ધ્યાન થી વાંચીને અરજદારોએ અરજીઓ કરવાની રહેશે.